**બિડાણ:**–Section Officer (M-3) Agriculture,Felfare & Co-Operation Department, Sachivalaya, Gandhinagar, Dated- 21.08.2019,

**વિષય:**– એક વખત વપરાશ થતાં પ્લાસ્ટિક અંગે............

---

જા.નં.નકૃયુ/રજી/અ.૩.૩/ ૮૦૪૩-૮૦૯૨ /૨૦૧૯. તા:૨૬/૦૮/૨૦૧૯ ૨૯

સામેલ: ઉપર મુજબ.

ઈ/ચા.કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

<u>નકલ સવિનય રવાના</u>:– અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટના અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ પવા સારુ.

૨/– Section Officer (M-3) Agriculture,Felfare & Co-Operation Department, Sachivalaya, Gandhinagar, તા.૨૧/૦૮/૨૦૧૯ના આ સાથે પત્રની નકલ જાણ/જરૂરી કાર્યવાહી અર્થે સામેલ છે.

# એક વખત વપરાશ થતા પ્લાસ્ટીક અંગે.

1 message

**N D VAGHELA(GoG-Agriculture Dept.)** <so-m3-agri@gujarat.gov.in> Wed, Aug 21, 2019 at 4:16 PM
To: "us-bud-agri@gujarat.go" <us-bud-agri@gujarat.go>, "us-agri-agri@gujarat" <us-agri-agri@gujarat.gujarat.gov.in>, "Bhavita Rathod(GoG-Agri Dept.)" <us-serv-agri@gujarat.gov.in>, "L K Jogal(GoG-Agriculture Dept.)" <us-estt-agri@gujarat.gov.in>, "Narendra Vaghela(GoG-Agriculture Dept.)" <us-anihus-agri@gujarat.gov.in>, "us-credit-agri@gujarat.gov.in" <us-credit-agri@gujarat.gov.in>, "Dr.Jayshanker Odhavani(GoG-Agriculture Dept.)" <us-coop@gujarat.gov.in>, "Smt. Smita S Adhvaryu(GoG-Agriculture Dept.)" <us-fisheries-agri@gujarat.gov.in>, "CEO, SUPERVISION & AUDITE COMMITTEE" <exoff-agri-ahd@gujarat.gov.in>, "gsctribunal@gmail.com" <gsctribunal@gmail.com>, "drpr69@gmail.com" <drpr69@gmail.com>, "gauseva.gov@gmail.com" <gauseva.gov@gmail.com>, "Dr. P P Patel ( agri council )" <saucouncil@gmail.com>, "vc.goau@gmail.com" <vc.goau@gmail.com>, "Dr. H N Kher ( Registrar SDAU )" <registrar@sdau.edu.in>, "Dr.R L Shilani (Registrar JAU )" <registrar@jau.in>, "registrarnau@yahoo.co.in" <registrarnau@yahoo.co.in>, KAMDHENU UNIVERSITY <registrar.kamdhenuuniversity@gmail.com>, "Dr. P R Vaishnav ( Registrar AAU )" <registrar@aau.in>, "gsamboard2017@gmail.com" <gsamboard2017@gmail.com>, "B J Paramar ( Gusheel )" <gswdcgandhinagar@yahoo.com>, "GSWC ltd.." <aogswc@yahoo.co.in>, MD GAICL <md.gaicl@gmail.com>, "shishirsinh.j.solanki(GoG-Agri Dept.)" <dir-gssca@gujarat.gov.in>, "mp@gurabini.com" <mp@gurabini.com>, bij nigam <md@gurabini.com>, "V.B. Mecwan (GoG-GSLD Dept.)" <md-gsld@gujarat.gov.in>, "directorsugar@gmail.com" <directorsugar@gmail.com>, Commi-Fisheries <commi-fisheries@gujarat.gov.in>, "N.B. Upadhyay (GoG-Agriculture Dept.)" <rcs@gujarat.gov.in>, "Dr. P.M.Vaghasiya(GoG-Agriculture Dept.)" <dir-bag@gujarat.gov.in>, "DIR-AH-GUJ(GoG-Agriculture Dept.)" <dir-anml@gujarat.gov.in>, "B M Modi(GOG-Agri Dept.)" <dir-agr@gujarat.gov.in>, "director.apmc2018@gmail.com" <director.apmc2018@gmail.com>, "Guj. Central Fisheries Ltd" <gujaratfisheries@yahoo.com>, "gldb.gandhinagar@gmai.com" <gldb.gandhinagar@gmai.com>, "gssca@gmail.com" <gssca@gmail.com>
Cc: "N K Makwana(GoG-Agriculture Dept)" <us-cord-agri@gujarat.gov.in>

શ્રીમાન,

ઉપરોકત વિષય સંદર્ભેના વન અને પર્યાવરણ વિભાગના તા.૦૮/૦૮/૨૦૧૯ના પત્રની નકલ આ સાથે જાણ/જરુરી કાર્યવાહી અર્થે સામેલ છે.

***N.D.VAGHELA***
***Section Officer ( M-3)***
***Agriculture,Farmer Welfare & Co-Operation Department***
***Ph-232 50849***

This message contains confidential information and is intended only for the individual named. If you are not the named addressee you should not disseminate, distribute or copy this e-mail. Please notify the sender immediately by e-mail if you have received this e-mail by mistake and delete this e-mail from your system. E-mail transmission cannot be guaranteed to be secure or error-free as information could be intercepted, corrupted, lost, destroyed, arrive late or incomplete, or contain viruses. The sender therefore does not accept liability for any error or omissions in the contents of this message, which arise as a result of e-mail transmission.

SCN_0052.pdf
2425K

A32

22/8

22/8

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
ઈ.નં. ૫૧૧૨૫
23 AUG 2019
એડીએમ-૩ શાખા

21 AUG 2019

જા-૩

સ્મૃતિપત્ર

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ
બ્લોક નં-૧૪/૮,નવા સચિવાલય
ગાંધીનગર
ફોન :૦૭૯ -૨૩૨૫૨૬૬૦
ફેક્સ :૦૭૯ -૨૩૨૫૨૬૫૬

20 AUG 2019
1389

એસ.એમ.સૈયદ,આઇ.એફ.એસ
નિયામક (પર્યાવરણ) અને
અધિક સચિવ

ફાઈલ ક્રમાંક: ENV/10/2016/123/T

તા. ૦૮/૦૮/૨૦૧૯

વિષય :- એક વખત વપરાશ થતા પ્લાસ્ટિક અંગે.

વર્તમાન યુગમાં ઇન્ફર્મેશન ટેકનોલોજીનો સૂરજ ઝળહળી રહ્યો છે. વૈશ્વિક સ્તરે સુખ-સગવડ અને સુલભ લોકજીવન શૈલીમાં કુદરતી સ્ત્રોતોના થઈ રહેલા દોહન, પ્રદૂષણના ભરડામાં આવી રહેલ, પાણી હવા અને જમીનના પડકારો સાથોસાથ એક તરફ વૃક્ષો સહિતના વિકલ્પે રોજિંદા જીવનમાં પ્રવેશ પામેલ પ્લાસ્ટિકનું અસ્તિત્વ સર્વે સ્વીકૃત બની રહ્યું છે. બીજી તરફ શહેરોમાં નગરોમાં નગરોમાં, ગામેગામ ખેતરના સીમાડે, નદી તળાવ, સરોવર, દરિયાકાંઠે પહાડ અને ઊંડી ખીણો સહિત સમગ્ર અને થળમાં ચોક્કસ પ્રકારના પ્લાસ્ટિકના કચરાએ પડકારરૂપ સામ્રાજ્ય ફેલાયું છે. ઝાડ-પાન કે વનસ્પતિના સૂકા ભીના કચરા સાથે આ પ્લાસ્ટિકને સામાન્ય લોકો બાળીને હવામાં પ્રદૂષણ કરી રહ્યા છે.પ્લાસ્ટીકના અમર્યાદિત ઉપયોગથી મુખ્યત્વે નીચેની સમસ્યાઓ ઉદ્દભવે છે.

૧.) સૂક્ષ્મ જૈવિકોના પ્રયોગથી પ્લાસ્ટિકનું વિઘટન થઈ શકતું નથી, અર્થાત પ્લાસ્ટિક બાયો-ડિગ્રેડેબલ નથી.
૨.) પ્લાસ્ટિક થી અસર થયેલ પર્યાવરણને મૂળ સ્થિતિમાં લાવી ન શકાય તેવી હાનિ કરે છે.
૩.) ભૂપૃષ્ઠની સપાટી પરના જળસ્ત્રોતોમાં પ્રકાશ તથા હવાની અવરજવરમાં અવરોધ રૂપ બને છે.
૪.) નગરપાલિકાની ગટર કે વરસાદી નાળાઓમાં વહેતા પ્રવાહ નો માર્ગ રોકી લે છે.
૫.) નગરના ગંદાપાણીના અદુષિતકરણ પ્લાન્ટના સળિયાવાળા જાળીયાનો માર્ગ ડૂચારૂપે બંધ કરે છે.
૬.) પ્લાસ્ટિક બાળવાથી હવા પ્રદુષણ ની સમસ્યા ઊભી કરે છે.
૭.) પ્લાસ્ટિક બાળવાથી ખરાબ વાસ ફેલાય છે, અને ડાયોક્સીન અને ફ્યુરોન નામના સ્વાસ્થ્યને હાનિ કરતા ઝેરી વાયુઓ વાતાવરણમાં ભળે છે. આ વાયુઓ શ્વાસોશ્વાસમાં જવાથી આરોગ્યને નુકસાન કરે છે.
૮.) જુદાજુદા ખેતી કામોમાં અવરોધરૂપ બને છે.
૯.) ભૂગર્ભના જળ સ્ત્રોત નવપલ્લિત કરવામાં બાધારૂપ થાય છે.
૧૦.) પ્લાસ્ટિકનો કચરો જોવામાં અરૂચિ પેદા કરે તેવું દેખીતું પ્રદૂષણ છે.
૧૧.) રંગીન પ્લાસ્ટિક થેલીઓ માં લપેટેલા ખાદ્ય પદાર્થો સ્વાસ્થ્યને હાનિ કરે છે.
૧૨.) ખાદ્ય પદાર્થો વાળી પ્લાસ્ટિકની થેલીઓ આરોગવાથી ગાય તથા અન્ય પશુઓના મોત થયાના અહેવાલો છે.

૧૯૭/જા-૩

૫૧

આ પ્રકારની સમસ્યાઓને નાથવા માટે ભારત સરકારના તત્કાલીન પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા વર્ષ 1999માં પુનઃ ચકિત પ્લાસ્ટિક, નિર્માણ અને ઉપયોગ ના નામે નિયમો નિયમોનું જાહેરનામું અમલમાં મૂક્યું હતું. તેમ છતાં અનુભવે જણાયુ કે, પ્લાસ્ટિકના કચરો શહેર, અર્ધ શહેરી કે નગરો થી આગળ વધીને ગામેગામ ગંદકીમાં ઉમેરો કરતો ફેલાઈ રહ્યો છે. આથી, વર્ષ 2015માં પ્રારંભ કરાયેલ રાષ્ટ્રીય સ્વચ્છતા ઝુંબેશની સફળતા હાંસલ કરવા પ્લાસ્ટીકના કચરાની ગંભીર સમસ્યાને નિયંત્રિત કરવાના ઉમદા હેતુથી ભારત સરકારના નવા કલેવર સાથે ગઠન થયેલ પર્યાવરણ, વન અને જળ વાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા અગાઉના નિયમોને સ્થાને નવેસરથી પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૧૬ના નવા નામે જાહેરનામું તારીખ.18/3/2016ના રોજ થી કાયદા રૂપે અમલમાં છે. દરમિયાન, તાજેતરમાં આ નિયમોમાં સદર મંત્રાલય દ્વારા તારીખ.28/03/ 2018ના જાહેરનામાં મારફતે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ(એમેન્ડમેન્ટ) રૂલ્સ, 2018માં કેટલાક સુધારા પ્રસિદ્ધ કર્યા છે. પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ (સુધારા નિયમો 2018 સહિત)ની બાબતોના નિયમોમાં શહેરો, મહાનગરો, નગરો ઉપરાંત ગામડા સુધી વ્યાપ વધારીને ગ્રામ પંચાયતને પણ જવાબદારીઓ સુપરત કરી છે.

આ વર્ષની વિશ્વ પર્યાવરણ દિન ની થીમ "પ્લાસ્ટિક પ્રદૂષણ નાથવા" અંગેની હતી, જેની ઉજવણી યુનાઈટેડ નેશન્સ દ્વારા ભારત સરકારની યજમાની હેઠળ કરવામાં આવેલ. જે દરમિયાન ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ સુધીમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક (એક વખત વપરાશ થતા પ્લાસ્ટિક) મુક્ત કરવાની જાહેરાત કરેલ. જેના અનુસંધાને કાર્યવાહી કરવા સારૂં ભારત સરકારના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા સુચવેલ નીચે મુજબના single use Plastic (એક વખત વપરાશી પ્લાસ્ટિક) નો ઉપયોગ સરકારી કચેરીઓ અને સરકારી કાર્યક્રમો દરમિયાન અટકાવીએ.

- સર્વે પ્રકારની પ્લાસ્ટીકની કેરીબેગ્સ. (Carry Bags)
- ખાણીપીણીમાં વપરાતા પ્લાસ્ટિકના થાળી,વાટકા,ચમચી,ગ્લાસ,થર્મોકોલના કપ વગેરે.
- પ્લાસ્ટિકના ફૂલો અને ફુલદાનીઓ.
- પ્લાસ્ટિકની પાણીની બોટલો.(Mineral Water Bottles)
- પ્લાસ્ટિકના ઝંડા (Flags)
- પ્લાસ્ટિકના બેનર્સ.(Banners)
- પ્લાસ્ટિકનાં ફોલ્ડર્સ વગેરે.(Folders)
- તેમજ અન્ય પ્લાસ્ટિકની એક વખત વપરાશની વસ્તુઓ.

આમ, ઉપરોક્ત બાબતે અમલીકરણ કરવા સારુ અત્રેથી તા. ૧૯/૦૩/૨૦૧૯ના પત્રથી જણાવેલ, પરંતુ ઉપરોક્ત બાબતે ગંભીરતાથી અમલીકરણ સરકારી કચેરીઓ અને સરકારી કાર્યક્રમોમાં થતુ ન હોવાનું અત્રે વિભાગના ધ્યાન ઉપર આવેલ છે. જેથી આપને ઉપરોક્ત બાબતે અમલીકરણ કરવા સારુ પુનઃ વિનંતી છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

(એસ.એમ.સૈયદ)